
પાને પાને વસંત
પ. પૂ. આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી પ્રેમ-ભુવનભાનુ સૂરીશ્વર-ધર્મઘોષ વિજય સદ્ગુરૂભ્યો નમઃ

# પાને પાને વસંત


-: સંપાદક :-

પ. પૂ. મુ.
શ્રી સત્યકાંત
વિ. મ.

-: લેખક :-

વર્ધમાન તપોનિધિ પ. પૂ. ગ.
આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. ના
પટ્ટાલંકાર સિદ્ધાંતદિવાકર
પ. પૂ. ગચ્છાધિપતિ
આ. શ્રી જયઘોષ સૂ. મ.



-: પ્રકાશક :-

દિવ્યદર્શન ટ્રસ્ટ
૭૯, કલિકુંડ સોસા.
ધોળકા
૩૮૭૮૧૦

રેગિસ્તાન જેવી ભૂમિને નવપલ્લવિત બનાવી વસંત ઋતુને ખડી કરે છે. પૂજ્યપાદ ગુરૂદેવ આચાર્યદેવશ્રી જયઘોષ સૂ. મ. એ વાંચના વ્યાખ્યાનાદિમાં કરેલી ચિંતનવર્ષાને સંગૃહીત કરવામાં આવી અને એમાંથી જ વસંત જેવી આ પુસ્તક ખડી થઈ.

આપણને શાંતિ તો જોઈએ જ છે તો વસંત સમી આ પુસ્તિકાનાં પાને પાને ટહેલ્યા વિના ચાલે નહીં, તો આવો ! પ્રવેશ કરીએ, જરૂર આ પુસ્તિકા શાંતિનો અનુભવ કરાવશે.

✍

મુ. સત્યકાંત વિ.

## આ છે કમાલ એક સંતની
## પાને પાને ભેટ વસંતની

સંસારની અંદર શાંતિનો અનુભવ કરવાની ઝંખના એટલે અગ્નિમાં હાથ નાંખી ઠંડકની આશા રાખવી.

સૌ કોઈ અશાંતિથી ઘેરાયેલા છે, એક નહીં તો બીજા એમ સતત ચિંતા-અગનની ઝાળથી લપેટાયેલા છે. ઠંડક માટે અથાગ પ્રયત્ન કરતાં હોવા છતાં નિરાશા સિવાય કોઈ પ્રાપ્ત થતું નથી.

માટે જ કોક શાયરે લખ્યું છે -

લોહીનો આ તો છે મલક, કમ મળે
ખળખળ વધુ ધખધખ મળે

પરંતુ એવી વિષમ પરિસ્થિતિમાં ય કોક કરુણામૂર્તિ મહાપુરુષો મન મૂકીને બારે ખાંગે પૃથ્વી ઉપર વરસે છે.

નકલ
૨૦૦૦

## પ્રાપ્તિસ્થાન

કિંમત
રૂા. ૨૦-૦૦

કુમારપાળ વી. શાહ
૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર,
ચાર રસ્તા, ધોળકા-૩૮૭૮૧૦

અરવિંદભાઈ જે. શાહ
૮૯, શેખ મેમણ સ્ટ્રીટ,
૨જે માળે, મુંબઈ-૪૦૦૦૦૨

રસિકલાલ રતિલાલ
એલ. કે. ટ્રસ્ટ બિલ્ડીંગ,
પાંચ કૂવા,
અમદાવાદ-૩૮૦૦૦૨

## સૌજન્ય

શાંતીબેન ભોગીલાલ મહેતા
પેથાપુર (હાલ ગોરેગાંવ)
ના કુટુંબીજનો

રજનીભાઈ વલસાડવાલા
મફતલાલ ધરમચંદ જોગાણી
ડાહ્યાલાલ મંગલજીભાઈ

# પૂજ્યપાદશ્રીનાં સાહિત્યરત્નો

| | |
|---|---|
| ૧) ભાવનાનું ઉદ્યાન.... | ૧૩.૦૦ |
| ૨) ચલો શાંતિકે ઉપવનમેં.... | ૧૦.૦૦ |
| ૩) ચિત્ત સૌંદર્ય.... | ૮.૦૦ |
| ૪) દર્શન સુધા.... | ૨૮.૦૦ |
| ૫) પંચસૂત્ર સ્વાધ્યાય.... | ૧૦.૦૦ |
| ૬) કર્મકલંક ને દૂર નિવારો.... | ૧૧.૦૦ |
| ૭) ચિંતન ચંદરવો.... | ૧૨.૦૦ |
| ૮) વહે મીઠી વાણી.... | ૧૨.૦૦ |
| ૯) હીરો એક પાસા અનેક.... | ૩૦.૦૦ |
| ૧૦) ગુરૂવંદન પચ્ચક્ખાણનાં રહસ્યો.... | ૧૦.૦૦ |
| ૧૧) એક ઉડ્ડયન મુક્તિ ભણી.... | ૧૬.૦૦ |

કોઇપણ કાર્યની
પ્રવૃત્તિ
અને વિચારણા જાય
એટલે
તેના સંસ્કાર
પણ નષ્ટ થાય.

જાણ્યા વગરની પ્રભુના
વચનની શ્રધ્ધા તે
દ્રવ્યસમ્યક્ત્વ છે.
જાણી - વિચારીને
શ્રધ્ધા રાખવી તે
ભાવસમ્યક્ત્વછે.

વ્યક્તિ પરનો આદર,
ધર્મ પર આદર
ઉત્પન્ન કરે.

વિચાર્યા વગરનો જે
આવેશ
ઊભો થાય
તેનું નામ ક્રોધ છે.

ધર્મી આત્મા
તેને કહેવાય કે
જેનાં વિચાર-વાણી
અને વર્તન
બીજાની ધર્મશ્રદ્ધાને
ભાંગનાર ન હોય.

તપ મનના
દમન માટે છે.
તેથી જ્યાં તે ન થતું
હોય
ત્યાં તપ વિશિષ્ટ
ફળદાયી થતો નથી.

જે આપીએ એ
આપણને
લેવું ન પડે - ભવાંતરમાં
માગવું ન પડે
અર્થાત્ એ વિનાની
આપણી અવસ્થા ન
થાય.

સ્વભાવ બદલવાનો -
સુધારવાનો એક
જ રસ્તો છે કે
જ્ઞાનથી મનને
ભાવિત કરવું

મોક્ષાભિલાષી સર્વત્ર
ઔચિત્ય -
કરણ સાથે
સંકળાયેલો હોય છે.

સામુહિક આચાર ન હોત
તો- જેટલા મોક્ષમાં
ગયા છે
તેના લાખમાં કે કરોડમાં
ભાગના પણ
મોક્ષે પ્રાયઃ ન ગયા હોત.

ઠપકો ક્યારેક અને
વ્યક્તિ જોઈને અપાય
તો જ ધારી
અસર કરે.

જે કાંઈ શક્તિ મળે
તે પુણ્ય અને પુરૂષાર્થથી
મળે છે પણ પુરૂષાર્થ
વગર મોટાભાગે પુણ્ય
ઉદયમાં આવતું
નથી.

જ્ઞાનયોગ આવ્યા
વગર ક્રિયા યોગમાં
ક્યારેય વ્યવસ્થિતતા
આવતી નથી.
ક્રિયા લૂલી બને છે.
જ્ઞાનયોગ બધી ક્રિયાઓનું
ઉત્પત્તિસ્થાન છે.

આત્મા સંસારમાં
મોહવાળો-આસક્ત
ન થાય અને
પશ્ચાત્તાપવાળો બને
તે માટે જ્ઞાનયોગ
જોઈએ. જ્ઞાની સંસારમાં
ક્યારેય લેપાતો નથી.

વિરતિ નિરર્થક
પ્રવૃત્તિમાંથી અટકાવે,
સાર્થક પ્રવૃત્તિમાં પણ
રાગ-દ્વેષને દૂર કરાવે.

એક પાપ સર્વ પાપને
ખેંચી લાવે છે, કારણ
કે આ બધા પરસ્પર
સંકળાયેલા
હોય છે.

નિયત સમયે નિયત
ક્રિયા કરવી
તે જિનાજ્ઞાની
સમર્પિતતા છે.

શુભપ્રવૃત્તિ વારંવાર
કરવાથી,
ઉપયોગ-આદરપૂર્વક
કરવાથી ક્ષયોપશમ
જન્મે છે.

નિયમ તુટે માટે
લેવો જ
નહી એ વધારે
નુકશાનકારી છે.
લીધેલું પચ્ચકખાણ
તુટશે તો
પણ પાછું સાંધવાનું,
પાળવાનું મન કરાવશે.

બીજાને વિવેકપૂર્વકનું
જ્ઞાન અને અનુભવ
આપો તે જ સાચો
ઉપકાર, ધન વિગેરેની
સહાય તો ગૌણ છે.

કર્મ, સંસ્કાર અને
અજ્ઞાન આ ત્રણ,
અનાદિ
કાળથી જીવને
સંસારમાં ભમાવે.

સાચો ધર્મ
તે જે બીજાને શાંત
કરે, વિવેક આપે,
સન્માર્ગ આપે.

યોગની
પ્રવૃત્તિથી
યોગની - ધર્મની
વૃદ્ધિ થાય છે.

જે આજ્ઞાનું પાલન
ન થાય તે
ડંખતું હોય તો કાલાંતરે
આજ્ઞાપાલન
શક્ય બને
ત્યારે આદર ઊભો રહે.

ભગવાન પાસે ન માંગવું
અને એના દાસ પાસે
માંગવું એ ભયંકર
ગુન્હો છે.

અંતરાત્મા બન્યા વિના
પરમાત્મા બનવું
અશક્ય છે.

જેટલા અંશમાં જયણા
તેટલા અંશમાં સુકૃત,
જેટલા અંશમાં
અજયણા, તેટલા
અંશમાં દુષ્કૃત.

યોગ્ય જીવને યોગ્ય
ઠેકાણે લાવવાની
વિચારણા તે
ચિંતન, બાકીની
ચિંતા.

તે તે ગુણ યા દોષની
વારંવાર થતી
દૃઢપ્રવૃત્તિ
પ્રબળ સંસ્કારને ઊભા
કરે છે.

નબળી સ્થિતિના
રોદણાં રોવા
બંધ કરીને જો શક્ય
આરાધનાઓમાં પ્રયાસ
ન કરે તો નવા
અંતરાયો બંધાયા કરે છે.

પોતાની આરાધનાઓમાં
વેગ
જોઈતો હોય તો આરાધક
આત્માઓ ઉપર
અખંડ બહુમાન જોઈએ.

સહાય કરવાથી રુચિ
તીવ્ર બને.
રૂચિ તીવ્ર બને
એટલે
તે ગુણ સાનુબંધ થાય.

આચાર શૂન્ય
જીવને વિચારશુદ્ધિ
અંતર્મુહૂર્તથી
વધારે ટકતી નથી.

મૈત્રી વગેરે
ભાવનાથી - વિચારણાથી
આત્મા સંસ્કાર
રૂપે મહાન
આધ્યાત્મિક બને છે.

પ્રમાદને કાઢવાનું સાધન
ઇન્દ્રિય
અને દેહનો નિગ્રહ છે.
તે નિગ્રહ માટે
તપ છે.

જે ધર્મક્રિયાથી કંટાળે
તેના માટે
મોક્ષના દરવાજા
બંધ છે.

ચરમાવર્ત્તમાં
કર્મ
કરતાં પુરુષાર્થ
પ્રધાન
હોય છે.

દેવ, ગુરુ, સાધર્મિક
પ્રત્યે અભક્તિ,
ઉદાસીનતા, નિંદા,
અનાદર
વગેરેથી દર્શનમોહનીયનો
ઉદય થાય છે.

ગ્રન્થિભેદ બાદ શુભભાવ
સહજ રીતે
પ્રવર્તે છે.
તેથી જે ક્ષયોપશમ
થાય છે
તે સાનુબંધ હોય છે.

પૈસા કમાવા
માત્રથી
ધનવાન નથી બનાતું,
દુર્વ્યય ઘટાડવો પણ
આવશ્યક છે.

ગુણાનુવાદથી વ્યક્તિ
પ્રત્યે આદર ઉભો થાય
અને એ પુણ્ય
દ્વારા ગુણોની પ્રાપ્તિ
થાય.

[illegible]

શાસન પામ્યાની
નિશાની-પોતાની
ઈચ્છાને ક્યારેય
મહત્વ ન આપવું.

સાનુબંધ ધર્મની
પ્રાપ્તિ માટે
વિવેકની પ્રથમ
જરૂર છે.

યોગવૃદ્ધિમાં
કારણ
ક્રિયામાં રહેલો
આનંદ છે.

દવા કડવી લાગે તો
Sugar Coated કરીને પણ
માણસ લે છે તેમ ધર્મ
પોતાને ઈચ્છા ન હોય તો
પણ પરિણામે લાભકર્તા
છે, એમ માની સેવ્યા
કરે તો ક્યારેક
રુચિ ઉત્પન્ન થાય.

સંસાર અને મોક્ષ બન્ને
પોતાના
પરિણામ - વિચારણાથી
જ મળે છે.

અનાદર, નિંદા
અને જાણીને અશુભ
વસ્તુનું અર્પણ
એ મહાવિરાધના છે.

શરૂઆતમાં નબળો
એવો પણ આત્મા
ધર્મ આચરવાથી ધીમે
ધીમે બળવાન બને
અને મોહ
નિર્બળ બને.

સદાચારનું આચરણ ન
હોય તો કર્મ
બળાત્કારે અસદાચારમાં
પ્રવૃત્તિ કરાવે.

બીજાના ધર્મને જોઇને
સારાપણાની
બુદ્ધિ થાય તે
યોગનું બીજ છે.

સંસારી પ્રવૃત્તિમાં
જેટલો આદર
તેટલું અનાદેય
નામકર્મ બંધાય.

તે તે ગુણોની પોષક
પ્રવૃત્તિ
એ આચાર કહેવાય
અને વિરુદ્ધ
દ્રવ્યાદિથી નિવૃત્તિ
શુદ્ધિ કહેવાય છે.

વ્યાખ્યાનના સમયે ભગવાનની પૂજા કરવા બેસે તે જિનાજ્ઞા વગરની ક્રિયા છે, માટે પૂજા ગૌણ કરીને પણ વ્યાખ્યાન સાંભળવું.

હૃદયમાં ઉત્પન્ન થતી પાપ લાગણીઓને તીવ્ર ન બનવા દેનાર પરમાત્માનું નામસ્મરણ જ છે.

કાર્ય કરનાર અનેક
હોય તો શોભે,
પરંતુ કાર્યનું નિયંત્રણ
કરનાર અનેક હોય
તો ન શોભે.

શરૂઆતમાં અશુભ
પ્રણિધાનથી પણ
કરવામાં આવતી શુભ
ક્રિયાઓ બહુધા
કાલાંતરે અશુભ
પ્રણિધાનને તોડનારી
હોય છે.

ક્ષમા માંગનારે જુની વાતોના ખુલાસા બનતા સુધી ન કરવા.

પાપીના પાપને પણ નિંદવાની શાસ્ત્રો જ્યારે ના કહી છે તો ધર્મને નિંદનાર અનંતકાળ સંસારમાં ભમે તેમાં નવાઇ શું ?

સાધુને જોઈને પ્રમોદ
થાય
તે નિર્મળ સમકિતી હોય
અને ઉદાસીનતા, ઉપેક્ષા કે
દ્વેષ થાય તે
મિથ્યાત્વી કે મલિન
સમકિતી હોય.

જે તપની જોડે
આરાધનાના
યોગો
અખંડિત રીતે નિરંતર
પ્રવર્તે તો તે
અનુબંધવાળો તપ છે.

બીજાની ભૂલ-દોષ
બતાવતી વખતે પણ
આપણા મનમાં તેના
પ્રત્યે દ્વેષ-અરૂચિ
ન હોવા જોઈએ,
નહીં તો તે દોષ
આપણામાં આવ્યા વિના
ન રહે.

ધર્મવૃક્ષનાં મૂળીયા જો
ઉંડા વિસ્તારવા હોય-
તે માટે પુણ્યવધારવું
હોય તો નિંદાનો સર્વત્ર
ત્યાગ કરવો પડે.

બાહ્ય વ્રતોની રક્ષા,
આચાર દ્વારા થાય છે,
અને અભ્યંતર વ્રતોની
રક્ષા માટે
ધૃતિ અને સત્વ જોઇએ.

દરેક પ્રવૃત્તિમાં લાગતા
દોષના અટકાવવાની
કાળજી ન હોય તો તે
હિંસાનુ કારણ બને છે.

પોતાની તમામ
ઈચ્છાઓને જે ગૌણ
બનાવી શકે, તેનામાં જ
સમર્પણ ભાવ
આવી શકે.

આજ્ઞા જાણવી એ પ્રકાશ
સ્થાને છે,
આજ્ઞા સ્વીકારવી તે
આંખ સ્થાને છે અને
આજ્ઞા આચરવી તે
ઉપયોગ સ્થાને છે.

જેનામાં ઔચિત્ય છે એ
ગુણની દ્રષ્ટિએ
શ્રીમંત છે કારણ
તેનાથી જ અધ્યાત્મ
વિકસીત થાય છે.

જેનાથી આત્મા સંસારથી
વિરક્ત બની મોક્ષ સુધી
પહોંચે તે બધું જ
સુકૃત અને જેનાથી
સંસારમાં આસક્ત
બને તે દુષ્કૃત.

તે તે ગુણોની પોષક
પ્રવૃત્તિ આચાર કહેવાય
અને વિરુદ્ધ દ્રવ્યાદિથી
નિવૃત્તિ ગુપ્તિ
કહેવાય.

યોગથી પ્રથમ ધૃતિ
અને પછી ક્ષમા
ઉત્પન્ન
થાય છે.

વૈરાગ્ય નથી ત્યાં
શ્રદ્ધાને
સ્થાન નથી.

સંઘની ભક્તિ જેના
હૃદયમાં હોય એ
સંઘ માટે યોગ્ય
કહેવાય.

સજ્જન માણસો યોગ્ય
માણસોને યોગ્ય
સમયે
કહ્યા વગર
ન રહે.

ધર્મની કોઇ પણ
આરાધના કરતી વખતે
પ્રથમ ભગવાનને યાદ
કરવા જોઇએ.

વ્યક્તિની આરાધના
કરતા સંઘની
આરાધના મહાન છે,
તેથી સંઘમાં
આરાધના કરનાર,
સંઘને સહાય કરનાર
વિપુલ પુણ્ય અને
સાનુબંધતાને ઉપાર્જે છે.

જ્ઞાનધર્મના પ્રતાપે
વચનશક્તિ,
નમ્રતા અને વિવેક
મળે છે.

રાગ દ્વેષ એજ ક્લેશ છે,
જે અનંત દુઃખની
જડ છે.
તેને દૂર કરવા
માટે જ બધી
ધર્મ સાધનાઓ છે.

જેને આત્મામાંથી
દોષો કાઢી ગુણો
લાવવાની
ઈચ્છા હોય
તેને પરમાત્માના
શાસનમાં સ્થાન મળે.

મન પૂર્વક, ઈરાદા પૂર્વક,
મન-વચન-કાયાની
સમજપૂર્વકની ક્રિયા
એ ધર્મ.

સરળ માણસની ભૂલ
બતાવાય પણ વક્રની
નહીં.

સંસારમાં પ્રત્યેક જગ્યાએ
તથા ધર્મમાં બળ કરતા
કળથી કામ
વધારે થાય.

ભગવાનનું નમન પ્રથમ
દ્રવ્ય કષાય દૂર કરે
પછી મનના કષાય
દૂર કરે.

જ્યાં સુધી પાપ
એ પાપરૂપ ન
દેખાય ત્યાં સુધી પાપ
વધારે વિકસિત
બને.

જે કાળે જે યોગ
કરવાનો હોય
તેમાં તન્મય થવું
તેવી જિન આજ્ઞા
છે.

ક્રિયા એ સમકિતનું
પોષક-વર્ધક-રક્ષક
તત્વ છે.

હિમ્મતથી કાર્ય કરવા
પ્રયત્ન કરનારના
મોટા
ભાગના વિઘ્નો અલોપ
થઇ જાય છે.

સિદ્ધપણું ક્યારેક બાહ્યની
(વેશાદિની) ગેરહાજરીમાં
મળે, તોય
આંતરિક રીતે તો
ત્યાં પણ સાધુપણું
પામવું જ પડે.

વિચાર જેના નીચા
હોય,
તેનો આચાર
સાહજીક રીતે ઉંચો
ન હોય - બનાવટી
હોય.

પોતાની ભૂલ ઉપર પશ્ચાતાપ કરે, ભૂલ સ્વીકારે એ જ્ઞાની કહેવાય.

ભગવાનના સ્મરણથી સુખ આવે અને સુખ છોડવાની શક્તિ પણ આવે.

કાર્યમાં વ્યવસ્થિતતા એ
સજ્જનનો ગુણ છે,
અને કાર્યમાં
સુશોભિતતા એ
ભૌતિક
જીવનનો ગુણ (લક્ષ્ય)
છે.

શાસનની અંદર
રહેલાઓમાં કદાચ
મતભેદ હોવાનું
કારણ બધા છદ્મસ્થો છે
પરંતુ જો મનભેદ થાય
તો સમજવું કે શાસન
પરિણમ્યું નથી.

કર્મને તોડવા માટે
અને
સત્પુરુષાર્થને જગાડવા
માટે સમ્યગ્જ્ઞાનનું
સંવેદન જોઇએ.

શરીરની અનુકૂળતા,
માનપાનની અનુકૂળતા
વગેરેમાંથી
ચિત્તને પાછું ફેરવવું
એજ વિરતિને પાળવાનો
ઉપાય છે.

નિકાચિત કર્મવાળાને
ભગવાનનો
અતિશય
કાંઈ કરી શકે નહી.

અભવ્યને પણ મૃત્યુની
વિચારણા વ્યવહાર
માર્ગમાં પાપોથી
અટકાવી સદ્ગતિમાં
મોકલે છે.

ચાર ભાવના જેના
હૃદયમાં હોય એના
જીવનમાં ધર્મ
ઉત્કૃષ્ટ હોય છે.

જ્ઞાની પુરુષોનું સાંનિધ્ય,
તેમનો ઉપદેશ શ્રવણ,
શાસ્ત્રઅધ્યયન,
પુનઃ ભાવના(ચિંતન),
આચાર સંપન્નોનું
સાંનિધ્ય, જાતે
આચારમાં ઉત્સાહથી
પ્રવૃત્તિ વગેરે અશુભ
સંકલ્પોને રોકે છે.

સ્વભાવ
બદલવાનો-સુધારવાનો
એકજ રસ્તો છે કે
જ્ઞાનથી મનને
ભાવિત કરવું.

સદ્‌વિચારણા, પ્રતિક્ષણ
જાગૃતિભાવ કર્મના
ક્ષયોપશમનું
કારણ છે.

ખેતીમાં જેમ
પાણી જરૂરી છે
તેમ શુભ અનુષ્ઠાનમાં
એકાગ્રતા
જરૂરી છે.

ઋષભદેવ ભગવાને
વ્યવહાર ધર્મ
વ્યવસ્થા ખાતર અને
વધારે અધર્મનું નિવારણ
કરવાને સ્થાપ્યો.

આપણા આત્મામાં
ધર્મ મેળવવાનો-દૃઢ
કરવાનો ઉપાય એ છે
કે બીજાનાં થોડા પણ
ધર્મની વારંવાર ખૂબ
અનુમોદના કરવી.

સામાને કહેવું-ભૂલ
બતાવવી એજ આપણું
કર્તવ્ય-ફરજ છે તેમ
માનવું એ આપણી
મોટી ભૂલ છે.

સંસારમાં
અનંતકાળ
ભટકાવનાર
અજીવ તત્વ છે.

માર્ગાનુસારીથી માંડીને
બધા જે ગુણો છે
તે સમાધિના
કારણ છે.

દુકાનના પગથીયાઓને
ક્યારે પણ
પગે લગાય નહિ અને
દેરાસરના
પગથીયાઓને પગે
લાગ્યા વગર અંદર
પ્રવેશાય નહિ.

માસક્ષમણથી જેટલાં
કર્મો ન ખપે
એનાથી
પણ વધારે કર્મો
જ્ઞાનભાવિત -
મતિવાળાને ખપે છે.

મનની આળસ,
અનુકૂળતાની રુચિ
કઠણાઈનો ભય-
આ ત્રણથી મન
ઉદ્વિગ્ન-કંટાળાવાળું
બને છે.

વિચારીને બોલવું, બોલ્યા
પછી અક્ષરશઃ પાલન
કરવું તેનાથી વચનસિદ્ધિ
પ્રગટે છે.
વિષયોની નિવૃત્તિ જેમ
વિષયોના ત્યાગમાં છે
તેમ વિષયોની
આસક્તિના ત્યાગમાં
પણ છે.

મોટા તેને જ કહેવાય કે
જે પોતાનાથી
ઉપરવાળાની સાથે પ્રેમ,
હરોળવાળાની સાથે સ્નેહ
અને નાનાની ઉપર
કરૂણાવાળા હોય.

ધર્મના સાધનને
અવગણનાથી
લેવા, મૂકવા, જોવા,
વાપરવા તે બધા
ધર્મસંબંધી અવિનય છે.

વિચાર્યા વગરનો
જે આવેશ ઉભો
થાય
તેનું નામ ક્રોધ.

વિવેકપૂર્વકની બધી
ક્રિયા સામાન્યથી
સદાચાર
કહેવાય.

બધા ગુણો ક્ષાયોપશમિક
ભાવના છે.
તે શુભપ્રવૃત્તિથી-
સદવિચારણાથી અને
સારા સંસ્કારોથી ટકે છે.

હૃદયની ધિઠ્ઠાઇ અને
કઠોરતા પ્રાય: બધા જ
ગુણોને નિર્મુળ કરે છે
અને અયોગ્યતાને
વધારે છે.

આચાર એ વ્યવહાર
માર્ગ છે અને
કેવળજ્ઞાન સુધી
પહોંચવાનો
નિશ્ચિત
માર્ગ છે.

વિવેક વિનાનો
બાહ્ય ત્યાગ કે
તેનાથી ઉત્પન્ન
થયેલ વૈરાગ્ય એ
નદીના કિનારે રહેલા
ઝુપડા જેવો છે.

જે આત્મામાં પાપનો
પક્ષપાત છે તેને તીવ્ર
પાપ લાગે,
આ પક્ષપાતનું પાપ તેના
જ આત્મામાંથી જાય કે
જેને એ પાપ
પાપ તરીકે
લાગતું હોય.

શ્રદ્ધા ઉત્પન્ન થાય
તે પહેલાનો ધર્મ એ
વ્યવહાર ધર્મ
અને ઉત્પન્ન થયા
પછીનો ધર્મ તે
ભાવધર્મ.

જે નિયમ લઈને તોડી
નાંખે છે તેનામાં
મજબુતાઈનો અભાવ છે
પરંતુ જે નિયમ જ
લેતા નથી તેમનામાં તો
શ્રદ્ધાનો પણ
અભાવ છે.

જેનો સમસ્ત શ્રમણસંઘ
વિરોધ કરતો હોય
તે ઉત્સૂત્ર કહેવાય.
તેવું ઉત્સૂત્ર બોલનારને
કુગુરૂ
કહેવાય.

સાચી સલાહ આપવાથી
સમ્યગ્દર્શન
નિર્મળ
થાય.

ભગવાનના શાસનની
અંદર સાધના
કરવી-કરાવવી-અનુમોદવી
ત્રણમાંથી મુખ્ય
અનુમોદના છે.

સંઘની ભક્તિ, શ્રુત
ઉદ્યમ, સંવિગ્ન પરિચય
જેનામાં આવે એનામાં
વૈરાગ્ય, શ્રદ્ધા, આચારની
રૂચિ આવે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર
પાળનાર જેમ સુપાત્ર
છે તેમ તેની પ્રશંસા
કરનાર
સુપાત્ર છે.

કોઈને પણ ઠપકો આપવો હોય, શિખામણ આપવી હોય તો પ્રથમ તેનું ફળ વિચારીને પછી બોલવું.

જેમ જેમ અનુકૂળતામાં વધારો થાય તેમ પુદ્‌ગલનું બંધન વધે અને શ્રદ્ધા ઘટતી જાય તથા વૈરાગ્યાદિ ગુણો ક્રમશઃ નાશ પામે.

જેના જીવનમાં વ્રતનો
આદર નથી તેના
જીવનમાં ચારિત્રના
આચાર દ્વારા
પણ ક્ષયોપશમ થતો
નથી.

જ્યાં સુધી જીવ
આચારમાં સ્થિત છે ત્યાં
સુધી એ ભાવ વગરનો
હોય તો પણ ધર્મી
કહેવાય કારણ કે
વ્યવહારમાર્ગ આચાર
ઉપર ચાલે છે.

જેનાથી આત્માના
વિષય-કષાય વ્યવહારથી
ઘટતા આવે અને
તેના જે જે ઉપાયો છે,
તે સુકૃત છે.

શાસનના એક પણ
અંગની આરાધના
કરનારને
ભવાંતરમાં બધુંજ મળે.

શાસ્ત્ર સાચું બોલવું
જ જોઈએ
તેમ નથી કહેતું
પણ
ખોટું ન જ
કહેવું તેના પર
ભાર મૂકે છે.

જેમાં સંયમ અને સંઘનું
રક્ષણ થતું હોય ત્યારે એ
દેખતી રીતે ખોટુ પણ
પરિણામે સાચું છે અને
જ્યાં એ ન થતું હોય
અને નુકશાન થતું હોય
તે સાચું પણ પરિણામે
ખોટુ છે.

યોગ્યતા બાહ્ય
આચરણથી, વચનથી,
મનની પ્રસન્નતાથી
દેખાય.

સંસારનાં બધા જ
વ્યવહારો દુર્ગતિ આપે
એવા નથી
ને ન આપે
તેવા પણ નથી.

ચિત્તની મમતા,
પ્રતિબધ્ધતા જ્યાં વધે,
ત્યાં વ્યવહાર માર્ગનો
પણ લોપ થાય.

બીજાને અપ્રીતિ
કરાવવી એ પરમ
અબોધિનું
બીજ છે.

ચાર ભાવના જેના
હૃદયમાં હોય એના
જીવનમાં ધર્મ ઉત્કૃષ્ટ
હોય છે.

જે સત્યવચન-ગુણકારી
વચન બોલતો હોય
તેને વચનસિદ્ધિ,
ઈચ્છાસિદ્ધિ ઉત્પન્ન
થાય.

નિકાચીત કર્મવાળાને
ભગવાનનો અતિશય
કાંઈ કરી શકે
નહીં.

શાસ્ત્રે ગુરૂ કરતા જ્ઞાનને
મહત્વ વધારે આપ્યું છે.
ગુરૂ સર્વત્ર-સદા ન મળે.
જ્ઞાન પ્રત્યેક સમયે
કામ આવે.

ધર્મના એક પણ
સ્થાન પ્રત્યે કે સંઘની
એક વ્યક્તિ પ્રત્યે પણ
જો તિરસ્કાર - અવગણના
થાય તો સમ્યક્ત્વ
દૂષિત બને.

જેનાં જીવનમાં વિષય -
કષાયનો પક્ષપાત
ન હોય તેના જીવનમાં
ઔચિત્યતા આવે છે;
તે ઔચિત્યપણું ધર્મની
યોગ્યતા લાવે છે.

બીજાના પાપની
અનુમોદના-પ્રશંસા-
સહાયકતા એ પોતાના
જીવનમાં
પાપઉત્પાદક છે.

એક ધર્મમાં આળસ
કરનાર સર્વ ધર્મને
આરાધવા અયોગ્ય
બને છે.

ભગવાનને માની જ્ઞાન
ઉંચુ મુકે એ ભગવાનને
ઉપર મુકવા
બરોબર છે.

અનંતજ્ઞાની પરમાત્માનું
શાસન બે વાત બતાવે
છે-ક્રિયામાંથી ભાવમાં
આવવાનું, અને ભાવમાંથી
ક્રિયામાં જવાનું.

આવેલી પરિસ્થિતિમાં
જેને વેઠવાની - સહન
કરવાની તૈયારી હોય
તે માણસ કોઈ
દિવસ
દીન ન બને.

બીજાને બે રીતે સુધારી
શકાય -
(૧) તેનાં હૃદયમાં દાખલ
થવા દ્વારા,
(૨) તે વ્યક્તિને આપણા
હાથ નીચે લેવા દ્વારા.

ધર્મી તેને કહેવાય કે જે
પરમાત્મા ખાતર જગતનું
બધુ ગૌણ કરે-જતું
હોય તો જવા દે.

**સાધુપણાના**
આદર-બહુમાન વગર
જિનનામ બંધાય નહિ,
તથા સાધુપદ પામ્યા
વિના વિના જિન
થવાય નહિ.

જે કોઈ આરાધનામાં
ભગવાનના વચન
અનુસારે ભક્તિ -
બહુમાનથી પ્રવર્તન કરીએ
અને વિષય - કષાયની
પકડમાંથી નીકળીએ તે
આરાધના સફળ થાય.

જેને આત્મામાંથી દોષો
કાઢી ગુણો લાવવાની
ઈચ્છા હોય તેને
પરમાત્માના શાસનમાં
સ્થાન મળે.

અવસર - અનવસરને
જાણ્યા વગર
આપણે કાંઈ પણ
પ્રવૃત્તિ કરીએ તે
પાપબંધનું કારણ
બને છે.

તપ આહાર સંજ્ઞા
ત્યારે જ તોડે જ્યારે
તેની સાથે
પ્રભુભક્તિ-જપ સ્વાધ્યાય
જોડાયેલ હોય.
અન્યથા નહી.

સામી વ્યક્તિ પોતાનાં
આત્મિક લાભકારક
તરીકે આપણને જોતી
હોય ત્યારે એને
આત્માના લાભના માટે
જે બતાવવું - કહેવું તે
હિતકારી કહેવાય.

જેને અવસર -
અનવસર, હિતાહિતની
ખબર ન પડે - વિવેક ન
હોય તે બોલવા માટે
અધિકારી નથી.

ભોગોપભોગનાં દ્રવ્યો
મોહને વધારનારા
છે. માટે તે મમતા
તોડવા - ઘટાડવા પ્રભુને
નૈવેદ્યાદિ અર્પણ
કરવામાં આવે છે.

જેનું જ્ઞાન સંવેદનવાળુ
હોય તેનામાં ક્રિયા
આવ્યા વિના
ન રહે.

સામી વ્યક્તિની યોગ્યતા
જોયા વગર હિતશિક્ષા
આપો એટલે ઘર્ષણ
થયા વગર ન
રહે.

જે યોગોમાં
જિનાજ્ઞા સમર્પિતતા,
ગુર્વાજ્ઞા પરતંત્રતા,
વિવેક અને બહુમાન
યુક્તતા આવે તે યોગો
સાધનારૂપ બને.

ધર્મ જો ધનથી -
સમૃદ્ધિથી થતો હોય
તો વીર પ્રભુની પ્રથમ
દેશના નિષ્ફળ
ન થાત.
કારણ કે એ દેશનામાં
ઘણાંય ઈન્દ્રો હાજર
હતા જ.

આપત્તિમાં માણસને
ચાર રીતે હૂંફ
અપાય છે.
(૧) આવકાર.
(૨) વ્યવહારમાં મીઠાશ
(૩) સમજણ આપવી
(૪) સાધન આપવું.

જેના જીવનમાં
બાહ્યવસ્તુ પ્રધાન બને
એના જીવનમાંથી
આંતરિક
આનંદ જાય.

બળેલી જગ્યામાં ધાન્ય
ઉગે નહિ તેમ
બીજા ઉપરના
બળાપાવાળા હૃદયમાં
ધર્મ ઉગે નહિ.

ધર્મની કોઇ પણ ચીજ
એવી નથી કે જેનું
અંતિમ સમયે
આદરપૂર્વકનું માત્ર
દર્શન થાય તો પણ
સદ્ગતિ ન મળે.

મોક્ષમાર્ગનો વ્યવહારથી
આધાર
આચારો છે અને
ભાવથી આધાર
ક્ષયોપશમ છે.

દાન કરવાથી બે રીતે ભાવની પ્રાપ્તિ થાય છે. એક તો ધનની મમતા તૂટે, બીજું તે સુપાત્રમાં કે જીવદયામાં કે અનુકંપામાં જીવને મમતા-સ્નેહ-લાગણી ઊભી થાય છે.

કષાયની આતુરતા અને ચિંતાની તીવ્રતાને ઘટાડી મન શાંત બનાવવું તે શ્રેષ્ઠ યોગ છે.

રાગ દ્વેષથી આત્મામાં ઉત્પન્ન થયેલા સંસ્કારો જ્ઞાનપૂર્વકની ક્રિયાથી ભૂંસાય છે.

જેને જોવાથી, સાંભળવાથી, જેને યાદ કરવાથી પ્રસન્નતા આવે એ આદર કહેવાય.

બીજા આત્મા માટે
ધર્મની અનુકૂલતા કરો
એટલે તમારા આત્મામાં
ધર્મ આવે.

જેના આત્મામાં પાપનો
ભય હોય એના વધતા
પૈસા ધર્મમાં
જાય.

જેના જીવનમાં શાસ્ત્ર
ઉપદેશનું શ્રવણ નથી,
ચિંતન નથી એના
જીવનમાં પ્રાયઃ વૈરાગ્યનો
ક્ષયોપશમ થતો નથી.

જેમ જેમ મોહનીયનો
ક્ષયોપશમ વધે તેમ
ધર્મ વધ્યો
ગણાય.

ગુરુનું વચન પાળવાની
ઈચ્છા એ શ્રદ્ધાનું
કારણ છે,
જ્યારે એને હસી
નાખવું એ
શ્રદ્ધાનાશનું કારણ છે.

ધર્મી આત્માઓએ
બને તેટલી
અનુકૂળતાઓનો ત્યાગ
કરવાનું જ લક્ષ
રાખવું.

મનુષ્યોનું સમ્યક્ત્વ
ત્યાગ અને ભાવના
પર ટકે છે,
અને દેવતાઓનું નિર્વેદ
પર ટકે છે.

વિવેક વગરની આચાર
ચુસ્તતા ક્યારેક
ગેરસમજ અને કષાયની
પક્કડ લાવનારી
બને છે.

જેટલી સત્પ્રવૃત્તિઓ
જીવનમાં આવતી જાય
તેટલા અંતરાય
કર્મો તૂટતા આવે,
અર્થાત્ સદ્પ્રવૃત્તિનું મુખ્ય
કાર્ય અંતરાય કર્મ
તોડવાનું છે.

અધ્યાત્મમાર્ગમાં
પ્રવેશેલા જીવની
પાપપ્રવૃત્તિ ચાલુ હોય
યા બંધ, પરંતુ તેની
પ્રશંસા કે રૂચિની તીવ્રતા
ન હોવી જોઈએ.

જે સંસ્કારો ભૂંસવા છે
તેની પ્રવૃત્તિ બંધ
કરી જ્ઞાન દ્વારા તેનું
નુકસાન વિચારી મમતા
તોડી અને વારંવાર
વિરોધી તરીકે
યાદ કરો.

આચાર એ વ્યવહાર
માર્ગ છે અને
કેવળજ્ઞાન સુધી
પહોંચવાનો નિશ્ચિત
માર્ગ છે.

આપણે ધર્મને
વફાદાર હોઈએ
તો ભગવાનના શાસનના
અધિષ્ઠાયક દેવો
આપણને સહાય કરે જ.

ભાવની વૃદ્ધિનું કારણ
આચાર
ચુસ્તતા,
કાળજી અને યતના છે.

ચિત્ત સ્વસ્થતા માટે
અપવાદ
હોય પણ
ચિત્ત સ્વસ્થતામાં
અપવાદ ન હોય.

કોઈનું સાચું પણ
ઘસાતું બોલનાર
સમ્યગ્દર્શનનો અધિકારી
નથી.

સમકિતીને વિરતિનો
તલસાટ હોય તો તે
આવે જ છે.

જેને જે વાતની
શ્રદ્ધા - તલસાટ હોય
તેનો આચાર ખેંચાઈને
આવે છે.

અનુકૂળતામાં જેટલા
આગળ વધીએ
તેટલો સંસાર હજુ
વ્હાલો લાગે છે
એમ સમજવું.

જેમ મોહને પરિગ્રહ
કહ્યો તેમ વધારે
સંગ્રહને પણ
કહ્યો છે.

જ્યાં જ્ઞાન ઘણું
ઘણું હોવા છતાં જો
સંવેદન કે તત્પૂર્વકની
પ્રવૃત્તિ હોતી નથી,
તો તે જ્ઞાન ભાવનારૂપ
બનતું નથી.

શ્રદ્ધાયુક્ત શાસ્ત્રજ્ઞાન
સાથે પંચાચારની
ક્રિયા એ જ
શાસન છે.

દોષપ્રવૃત્તિના વારંવાર
દર્શનથી એ
દોષ પ્રત્યેની દિલમાં
રહેલી સૂગ જુગુપ્સા
ધીરે ધીરે વિદાય થવા
માંડે છે.

નાના નાના
અતિચારોનું વારંવાર થતું
આસેવન
પણ ગુણનાશ
કરે છે.

સકળ સંઘ પ્રત્યે
પૂજ્યતાનો ભાવ,
કૃતજ્ઞતાનો ભાવ,
નમ્રતાનો ભાવ તે જ
નવકાર - નમસ્કાર.

જેનામાં સંઘ પ્રત્યે
આદર, તેનામાં જ સાચો
ધર્મ પામવાની યોગ્યતા
આવે.

ધર્મને અવિરાધિતપણે
સાધનારો ભવાંતરમાં
ચારેય ઘાતીકર્મોના
ક્ષયોપશમને
પામે છે.

પુણ્ય માટે કરાતી
ધર્મની આરાધના સત્ત્વને
વિકસિત કરે છે.
આ વધતી આરાધના
આત્માને આગળ
વધારે છે.

ધર્મ કરવા માત્રથી ધર્મી
નથી બનાતું,
પાપાચારો છોડવાથી
ધર્મી બનાય છે.

**સામાન્યથી** ધર્મ
આરાધનામાં આત્માની
કુશળતા મોક્ષની
ઈચ્છાની તીવ્રતાના કારણે
આવે છે.

જે વ્યક્તિ ભૂલ કરે
અને પછી સ્વીકારવા માટે
તૈયાર ન થાય
તે સંસારમાં ભટકવા માટે
સર્જાઈ છે.

કલેશના નિમિત્તો મળે
છતાં કલેશ ન જ થવા
દેવો તેવું મન-વચનનું
સંયમન કેળવવું
આત્મહિતકર છે.

અસભ્યતા એ
સર્વનાશનું મૂળ છે
જ્યારે સભ્યતા એ
સર્વોન્નતિનું
મૂળ છે.

આત્મશુદ્ધિનું લક્ષ્ય
એટલે વગર ફોગટના
પાપ ન લાગે એની
વિશેષ ચિંતા.

ખરાબ વિચારોને
રોકવાનો પ્રયત્ન કરતાં
પહેલાં બહારની
પ્રવૃત્તિઓ જ રોકવા
જેવી છે.

ધર્મની શરુઆતમાં રહેલા
આત્માને મનને અંકુશમાં
લાવવા આલંબનની
જરૂર છે.

વિવેક વગરની
આચારચુસ્તતા ક્યારેક
ગેરસમજ અને કષાયની
પક્કડ લાવનારી
બને છે.

ગુરુનું વચન જે અવગણે
તે ભગવાનના વચનને
માનતો હોવા છતાં
પણ માર્ગભ્રષ્ટ
થાય.

ભાવ અરિહંતની અને
દ્રવ્ય અરિહંતની
પ્રાપ્તિ ક્યારેક જ
થાય જ્યારે નામ
અરિહંતની ઉપાસના
સદાકાળ થઈ શકે.

ધર્મસ્થાન પ્રત્યે
તિરસ્કારભાવ એ
શાસન હારી જવાની
નિશાની છે.

મુદ્રક : રાજુલ આર્ટસ,
ઘાટકોપર, મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન : ૫૧૧ ૦૦૫૬.